


# જાન્યુ-૨૨ની તુલનામાં જિલ્લામાં નવ હજાર જેટલા મતદારો સંકલિત મુસદ્દામાં ઘટ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજે મતદારયાદીનો સંકલિત મુસદ્દો જાહેર કરવામાં આવ્યો છે. ૫ મી જાન્યુઆરી-૨૦૨૨ના રોજ જાહેર થયેલ મતદારયાદીની તુલનામાં જિલ્લામાં નવ હજાર જેટલા મતદારોનો ઘટાડો નોંધાયો છે.

મળતી વિગતો મુજબ કોરોના કાળ દરમ્યાન મૃત્યુ પામેલા અને ડુપ્લીકેટ નામ ધરાવતા મતદારોના નામ કમી કરવામાં આવતાં આ ફેરફાર નોંધાયો છે. બે વર્ષના કોરોના કાળ દરમ્યાન ઘણા બધા લોકોએ નામ કમી કરાવ્યા ન હતા.

ચૂંટણી પંચે એટલે જ મતદાર વેરીફીકેશન અભિયાન હાથ ધર્યુ હતુ અને બીએલઓ દ્વારા ૧.૫૦ લાખ જેટલા ઘરોમાં જઈ આ વેરીફીકેશનની મહત્વની કામગીરી કરી હતી. ચૂંટણી માટેની મતદારયાદી ક્ષતિરહિત બનાવવાના પંચના અભિગમને લઈ આ ફેરફારો જણાયા હોવાનું સૂત્રો કહી રહ્યા છે.

આજે જાહેર થયેલ સંકલિત મુસદ્દા મુજબ આજે જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩,૦૯,૯૫૩ છે. જાન્યુઆરી ૨૨માં પ્રસિદ્ધ થયેલ મતદારયાદી મુજબ જિલ્લામાં ૧૩,૧૯,૨૭૮ મતદાર હતા. આમ ૮ મહિનાના ટુંકાગાળામાં જ ૯૩૨૫ મતદારોનો ઘટાડો નોંધાયો છે.

આજે જાહેર થયેલ સંકલિત મુસદ્દા પ્રમાણે દહેગામમાં ૨,૧૮,૨૫૮ મતદારો, ગાંધીનગર(દ)માં ૩,૬૪,૦૧૮ મતદારો, ગાંધીનગર(ઉ)માં ૨,૫૨,૧૬૫ મતદારો, માણસામાં ૨,૨૮,૨૫૯ મતદારો અને કલોલમાં ૨,૪૭,૨૫૩ મતદારો છે.

૫ મી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ પ્રસિદ્ધ થયેલ મતદારયાદી મુજબ દહેગામમાં ૨,૧૯,૭૩૫, ગાંધીનગર(દ)માં ૩,૬૪,૩૬૮, ગાંધીનગરમાં ૨,૫૫,૪૮૫, માણસામાં ૨,૩૦,૮૪૩ અને કલોલમાં ૨,૪૮,૮૪૭ મતદારો નોંધાયેલા હતા.

જિલ્લાના પાંચેય વિધાનસભા મત વિભાગોમાં વત્તા ઓછે અંશે મતદારો ઘટ્યા છે. મતદાર વેરીફીકેશન ઝુંબેશ દરમ્યાન નવા નોંધાયેલા મતદારો આ સંકલિત મુસદ્દામાં છે.

હવે પંચ દ્વારા મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે અને તે પછી ૧-૧૦-૨૨ના રોજ મતદારયાદીની પ્રસિદ્ધિ થશે. આ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ મહત્વની હોવાથી રાજકીય પક્ષોએ સક્રિયતા અને સતર્કતા વધારી છે. બીજી તરફ પંચ દ્વારા આ માટે જરૂરી કાર્યવાહી ચોકસાઈપૂર્વક અને ચીવટતાથી થાય તે જોવા માટે તાકીદ કરી છે.



ગાંધીનગર એટલે સાબરમતી નદીના કિનારે વસેલુ શહેર... જો કે આને નદી કહેવી કે કેમ તે મોટો પ્રશ્નાર્થ છે કારણ કે ગાંધીનગરાઓ લગભગ આખુ વર્ષ તેમાં માત્ર કોરી-સુકી રેતી જ જુએ છે. સાબરમતી નદીમાં પાણી વહેતુ હોય તેવા દૃશ્યો વર્ષે-બે વર્ષે માંડ એકાદ-બે દિવસ જોવા મળે છે. નદીમાં પાણી વહેતુ હોય તેવા દૃશ્યો જોવા માટે ગાંધીનગરાઓ રીતસર તરસે છે. ઉત્તર ગુજરાત અને છેક રાજસ્થાનમાં નદીનો ઉપરવાસ છે ત્યાં જો ખુબ વરસાદ પડે તો જ સાબરમતી નદીમાં પાણી જોવા મળે છે. આ વર્ષ વરસાદ બાબતે સારૂ કહી શકાય તેવુ છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. નદીઓ ઘણા દિવસોથી બે કાંઠે વહી રહી છે. પરંતુ હજુ સુધી સાબરમતી નદી સાવ કોરી જ રહી હતી. હમણાં બે દિવસથી રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં વરસાદ વરસતા સાબરમતીમાં જાણે સમ ખાવા પુરતુ પાણી આવ્યુ છે. જો કે ગાંધીનગરાઓને તો આ દૃશ્ય પણ મનમોહક લાગી રહ્યું છે.

# જિલ્લામાં બે શિક્ષક અને એક આચાર્યની એવોર્ડ માટે પસંદગી

## દહેગામના મોટી મોરાલી ગામના શિક્ષક સંજય પટેલ, ડભોડા વિદ્યામંદિરના ડો. વિનોદભાઈ પાંડે અને મગોડી શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિની પસંદગી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં બે શિક્ષક અને એક આચાર્યની વર્ષ-૨૦૨૨ના શ્રેષ્ઠ શિક્ષકો તરીકે પસંદગી થઈ છે.

રાજ્યના શિક્ષણ વિભાગે પસંદગી પામેલા શિક્ષકોની આજે સાંજે આ યાદી પ્રસિદ્ધ કરી છે.

દહેગામ તાલુકાની મોટી મોરાલી ગામના શિક્ષક સંજયભાઈ વિષ્ણુભાઈ પટેલ, ડભોડા વિદ્યામદિરના ડૉ. વિનોદ પાંડે તેમજ મગોડી શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

સંજયભાઈ પટેલની પ્રા. શિક્ષકો તરીકે, ડૉ. વિનોદભાઈ પાંડેની માધ્યમિક શિક્ષક વિભાગમાં તો મનુભાઈ પ્રજાપતિની આચાર્ય વિભાગમાં પસંદગી થતાં જિલ્લાના શિક્ષણ જગતમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

વિજેતા બનેલા શિક્ષકો અને આચાર્યને જિલ્લા શિક્ષણાધિકારી વાઢેર અને જિલ્લા પ્રા. શાસનાધિકારી સુશ્રી અર્ચનાબેન પ્રજાપતિએ જિલ્લાનું ગૌરવ વધારવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા છે.

# શહેરમાં પાણી-ગટર વેરા વસુલાત પ્રક્રીયા ઓનલાઈન કરવા માટે ગતિવિધિઓ

## પાટનગર યોજના વિભાગના અધિકારીઓએ આ મામલે બેઠક પણ કરી : નબળી વેરા વસુલાત ઝુંબેશમાં પણ સુધાર આવશે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશ અન્વયે દર માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જો કે પાણી ગટર વેરાની નબળી વસુલાતના અંતે માંડ ૪૫ ટકા જેટલી જ કામગીરી થાય છે. પાણી ગટર વ્યવસ્થાપન પાછળ વર્ષે કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. આમછતા જોડાણકર્તાઓ નજીવો વેરો ચુકવવામાં નિરસતા દાખવે છે. ત્યારે પાણી ગટર વેરા વસુલાતની પ્રક્રીયા ઓનલાઈન કરવા માટે વિભાગના અધિકારીઓ સાથે બેઠક પણ યોજવામાં આવી હતી જેના અંતે આગામી દિવસોમાં વેરો ચુકવવા માટે જોડાણકર્તાઓએ તંત્રની કચેરી સુધી લાંબા નહીં થવુ પડે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં પાણી ગટર વ્યવસ્થાપનની કામગીરી પાટનગર યોજના વિભાગ હસ્તક છે. સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં પાણી ગટરની દાયકાઓ જુની લાઈન બદલીને નવી લાઈન નાંખવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય માટે ઠેર ઠેર ખોદકામ પણ કરવામાં આવી રહ્યુ છે. જો કે પાણી ગટર અન્વયે વેરો ઉઘરાવાની કામગીરી લાંબા સમયના અંતે પણ ઓનલાઈન થઈ નથી. દરવર્ષે માર્ચ મહીના દરમિયાન વળતરના લાભ સાથે તંત્ર દ્વારા વેરો ઉઘરાવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જો કે આ વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ માંડ ૪૫ ટકા જેટલી જ વસુલાત થાય છે. એકબાજુ વેરા વસુલાતની કામગીરી પણ નબળી પુરવાર થઈ છે. શહેરમાં પાણી સપ્લાય કરવા માટે સરકાર પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરે છે. જયારે નજીવો પાણી ગટર વેરો ભરવા માટે પણ જોડાણકર્તાઓ નિરસતા દાખવી રહ્યા છે. જેના લીધે તંત્રના ચોપડે વર્ષો જુના બાકીદારોની સંખ્યા પણ વિશેષ છે. અલબત્ત વેરા વસુલાત ક્ષેત્રે લાખોનુ માંગણુ બાકી છે. જેથી હવે તંત્ર કક્ષાએથી નોટીસ આપવાની સાથે વેરો નહીં ભરનાર સામે જોડાણ કાપવા સુધીના કડક પગલા લેવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે વેરો વસુલવાની પ્રક્રીયા લાંબા સમયના અંતે પણ ઓનલાઈન થઈ શકી નથી. ત્યારે હવે પાણી ગટર વેરા વસુલાતની પ્રક્રીયા ઓનલાઈન કરવા માટે પાટનગર યોજના વિભાગના અધિકારીઓ દ્વારા રાજયના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના નિષ્ણાતો સાથે બેઠક યોજીને જરૂરી માર્ગદર્શન મેળવી આ દિશામા આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે પાણી ગટર વેરા વસુલાત અસરકાર બને તેવી આશ પણ બંધાઈ છે. પાણી ગટરના વ્યવસ્થાપનને અપગ્રેડ કરવા માટે સરકાર દ્વારા સ્માર્ટ સીટી અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે પાણી વિતરણ વ્યવસ્થા અસરકારક બનાવવા સહીત ૨૪ કલાક સપ્લાય આપવાની યોજના અમલી બનાવવા માટે પણ લાઈનની કામગીરી ચાલી રહી છે. શહેરમાં હાલ પણ પુરતો પાણીનો સપ્લાય આપવામાં આવે છે. આમછતા વેરાની નજીવી રકમ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com